મોડાસાના દધાલિયામાં હિંમતનગર એસ.ટી. ડેપોના કંડકટરનું ફરજ દરમિયાન કરૂણ મૃત્યુ

મોડાસા, તા.૫

સમગ્ર ભારત દેશ તેમજ ગુજરાત જેવા સુખી રાજયમાં પશ્ચિમી દેશોની આકમક જીવનશૈલીને અનુકરણ કરવાના કારણે તેમજ પોતાના જનજીવનમાં તેમજ નોકરી ધંધાની વ્યસ્તતાના કારણે સમગ્ર ગુજરાત રાજયમાં આજકાલ હૃદયરોગના હુમલાના કારણે થતા યુવાનોના મૃત્યુ દરમાં વધારો થયો છે. આવો એક કિસ્સો ગઈ કાલે રાત્રે અરવલ્લી જિલ્લામાં બનવા પામ્યો હતો. જેમાં યુવા કંડકટર હૃદયરોગના હુમલાનો ભોગ બનતાં પરિવાર પર સંકટના વાદળો છવાયા.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મેઢાસણ ગામના વતની અને હિંમતનગર એસ.ટી. ડેપોમાં કંડકટર તરીકે ફરજ બજાવતા જીતુભાઈ મકનાભાઈ પાટીલ ઉ.વ. ૫૦ છેલ્લા કેટલાય સમયથી પોતાની નોકરી સારી રીતે નિભાવતા હતા પરંતુ આજ રોજ હિંમતનગર એસ.ટી. ડિવીઝનની રાત્રી રોકાણ બસ હિંમતનગરથી ઉદેપુરમાં ફરજના ભાગરૂપે રાત્રી રોકાણ દધાલિયા ગામે કર્યું હતું. રાત્રે અચાનક અંદાજે ૧ વાગ્યાની આસપાસ છાતીમાં દુખાવાની ફરિયાદ કરતાં ડ્રાયવર તરીકે ફરજ બજાવતા જગાભાઈએ તાત્કાલીક ગામ લોકો તેમજ તબીબ રમેશભાઈને બોલાવી લીધા હતા. તબિયત વધારે ગંભીર જણાતા ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરાઈ હતી. કડંકટરનું પ્રાણ પંખરું ઉડી ગયું હતું. ડ્રાયવરે એસ.ટી. વિભાગને આ ઘટનાની જાણ કરતા ડેપો મેનેજર કિર્તી પટેલે કાયદાકીય રીતે મૃતદેહનું પી. એમ. કરાવી સ્ટાફના માણસો સાથે કડંકટરના માદરે વતન મૃતદેહને મોકલી આપ્યો હતો આ અપમૃત્યુના કારણે મોઢાસણ ગામમાં પણ શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

(તસવીર : જય અમીન, મોડાસા)

પ્રાંતિજના રહેણાંક વિસ્તારમાંથી ધોળે દિવસે કાર ચોરાઈ

પ્રાંતિજ, તા.૪

પ્રાંતિજ સિનેમા માર્ગ પર રહેણાંક વિસ્તારમાં પાર્ક કરેલી ફોર વ્હીલર કોઈ અજાણ્યા તસ્કરો ધોળે દિવસે ઉઠાવી ગયા હતા. આ અંગે પ્રાંતિજ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાંતિજમાં સિનેમા માર્ગ પર ખ્વાજા ગરીબ નવાજ સોસાયટી આવેલી છે. આ સોસાયટીની પાછળ શોપિંગ સેન્ટર પાસે મોહમંદ અશરફભાઈ સુફી પોતાની મારૂતિ અલ્ટો કાર નં. જીજે-૧-એચ. એલ. ૮૫૭૬ લઈ આવતા હતા અને કાર પાર્ક કરી પોતાના કામ અર્થે ગયા હતા. બાદ કાર પાસે આવતા પોતાની કાર જ સ્થળ પર ના હોવાથી અચંબામાં મુકાઈ ગયા હતા અને આસપાસના વિસ્તારમાં શોધખોળ હાથ ધરી હતી. જો કે તેમ છતાં કારની કોઈ ભાળ ન મળતા આખરે કાર માલિકે પ્રાંતિજ પોલિસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડીસામાં કેરોસીન છાંટી મહિલાને સળગાવવાનો નિષ્ફળ પ્રયાસ

બચાવવા માટે વચ્ચે પડેલા મહેમાનો પર પણ ટોળું લાકડીઓ અને ધોકા વડે તુટી પડ્યું

ડીસા, તા. ૫

ડીસાના રાજપુર લોધાવાસમાં રહેતી મહિલાને જાનથી મારી નાંખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મહિલાના ઘરમાં ઘૂસી કેરોસીન છાંટી આગ ચાંપવાનો પ્રયાસ કેટલાક શખ્સોએ કર્યો છે. મહિલાને બચાવવા વચ્ચે પડેલા આગંતુકો પર પણ લાકડી અને ધોકા વડે હુમલો કરતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ ડીસાના રાજપુર લોધાવાસમાં કનૈયાલાલ ફકીરચંદ લોધા તેમના પરિવાર સાથે જીવનનિર્વાહ કરે છે ત્યારે કનૈયાલાલની માતા અને પત્ની વચ્ચે અવાર-નવાર ખટરાગ થતો હતો. તેને લઈને કનૈયાલાલે તેમની પત્નીને મારઝૂડ કરતા પત્ની પિયર ચાલી ગઈ હતી. પોતાની સાથે બનેલા બનાવની જાણ પોતાના પિયરમાં કરતા પિયરીયા ઉશ્કેરાઈ ગયા હતા અને સોમવાર રાત્રે લાકડીઓ અને ધોકા સાથે અમરત લાગા લોધા, નરેશ દેવા લોધા, વસંત કિશન લોધા અને કનૈયાલાલ અને માતાને ફટકાર્યા હતા.

કનૈયાલાલના ઘરે આવેલા મહેમાનો વચ્ચે પડતા તેમને પણ લાકડીઓ અને ધોકા સાથે માર માર્યો હતો. મહેમાનો સહિતને ગંભીર ઈજાઓ થતાં સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાંતિજના ખેડૂતોને ડાંગરના પોષણક્ષમ ભાવો ન મળતા ચિંતાતુર

પ્રાંતિજ, તા. ૫

પ્રાંતિજ તાલુકામાં ડાંગરના ટેકાના જાહેર કરાયેલા ભાવો કરતા પણ ઓછા ભાવે વેપારીઓ દ્વારા ડાંગરની ખરીદી કરવામાં આવતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે અને માર્કેટ યાર્ડ તથા વેપારીઓની મીલીભગતથી ખેડૂતો સાથે અન્યાય થઈ રહ્યો હોવાનો અહેસાસ પણ ખેડૂતો કરી રહ્યા છે.

પ્રાંતિજના કેટલાક વિસ્તારમાં ડાંગરનો પાક પકવી મોટાભાગે ખેડૂતો પોતાનું જીવનનિર્વાહ કરે છે. મોંઘાભાવે તૈયાર કરેલી ડાંગર ખેડૂતો બજારમાં વેચવા જાય છે ત્યારે ખર્ચ પણ ન પરવડે તેવા ભાવો આવતા મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ખેડૂતોને કુદરતી આપતી ઉપરાંત વેપારીઓની છેતરપીંડીની વધારાની લપડાક વાગી છે.

ગુજરાત સરકારે ગયા વર્ષે ૨૦ કિલોના ૩૧૦ જેટલો ભાવ નક્કી કર્યો હતો એ જ પ્રમાણે આ વર્ષે પણ ૨૭૨થી ૨૮૦ ડાંગરના ટેકાનો ભાવ નક્કી કર્યો છે. તેમ છતાં અત્યારે આ ખેડૂતોની ડાંગર વેપારીઓ મણે રૂ. ૨૦૫, ૨૧૫, ૨૧૮ કે ૨૩૦માં જ ખરીદી રહ્યા છે. આથી નક્કી થયેલા ટેકાના ભાવ કરતા પણ રૂ. ૫૦ ઓછા મળતા હોવાથી ખેડૂતો મુશ્કેલી અનુભવી રહ્યા છે. જવાબદારી છે એવા માર્કેટ યાર્ડના કર્મચારીઓ વેપારીઓની આવી નીતિ રીતિનું કંટ્રોલ કે સંતુલન નહીં કરતાં કિસાનોને પોષણક્ષમ ભાવો નહીં મળતા પ્રાંતિજના કિસાનોએ વેપારીઓ સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે.

પ્રાંતિજની વદરાડ ચોકડી ખાતે ગજાનંદ સોસાયટીમાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના સૌજન્ય દ્વારા સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા જોડાઈ હતી. (તસવીર : સંજય રાવલ)

ભિલોડા તાલુકાના ભુતાવડ ગામ પાસે ડામર મીક્ષર પ્લાન્ટ હટાવવા ખેડુતોની માંગ

ભિલોડા,તા.૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભુતાવડ ગામ પાસે ડામર પ્લાન્ટ હટાવવા ખેડુતોની પ્રબળ લોકમાંગણી છે. ભુતાવડ ગામના કરણસિંહ સિસોદીયા,પ્રભુદાસ નાઈ સહિત આ વિસ્તારના ખેડુતો અને પ્રજાજનોના જણાવ્યા મુજબ સર્વે નંબર.૪૪/૪૫ વાળી ખેતીલાયક ૧૦ એકરથી વધુ જમીનમાં ડામર મીક્ષર પ્લાન્ટ વિશાલ કન્ટ્રકશન કંપનીના કોન્ટ્રાક્ટર ધ્વારા ચલાવવામાં આવે છે. ડામર મીક્ષર પ્લાન્ટ ચાલતો હોવાના કારણે આજુ-બાજુના વિસ્તારના ખેતીલાયક જમીનોમાં ખેતી ઉપર માઠી અસરો વર્તાતી હોવાનું ખેડુતો ધ્વારા જાણવા મળેલ છે. ખેતીના પાકોમાં નુકશાન ખેડુતોને સહન કરવાનો વારો આવ્યો છે.

ભુતાવડ ગ્રામજનોએ ગુજરાત પોલ્યુશન કંન્ટ્રોલ બોર્ડ ગાંધીનગર અને હિંમતનગર, અરવલ્લી જીલ્લા કલેકટર બી.જે.ભટ્ટ, ભિલોડા ટી.ડી.ઓ.બી.ડી.સોલંકી સહિત લાગતા-વગતા વહીવટી તંત્રના અધિકારીઓને લેખિત તથા મૌખિક રજુઆતો કરેલ છે પરંતુ લોકમુખે ચર્ચાય છે કે ક્યા કારણોસર ડામર મીક્ષર પ્લાન્ટ હટાવાતો નથી તે પ્રજાજનોને હવે સમજાતું નથી.ડામર મીક્ષર પ્લાન્ટના કારણે ખેતી ઉપર તેમજ આજુબાજુના રેસીડેન્ટ વિસ્તારમાં વસતા પ્રજાજનોના આરોગ્ય ઉપર આડ અસરોનો સામનો કરવો પડતો હોવાનો લોકમુખે ચર્ચાય છે. વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા તા.૧૬/૧૦/૨૦૧૪ ના રોજ વિશાલ કન્ટ્રકશન કંપનીની સ્થળ તપાસ જવાબદાર તંત્રના અધિકારીઓએ કરી હતી. ડામર મીક્ષર પ્લાન્ટ હટાવવા કારણ દર્શક નોટીસ આપેલ હોવાનું જાણવા મળેલ છે પરંતુ કોન્ટ્રાક્ટર ધ્વારા ડામર મીક્ષર પ્લાન્ટ ભુતાવડ પાસે કેમ હટાવાતો નથી.

ભુતાવડ ગામના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓની કોન્ટ્રાક્ટર સાથે સાંઠ-ગાંઠ હશે તેમ લોકમુખે ચર્ચાય રહ્યું છે. ભુતાવડ ગામ પાસે કોન્ટ્રાક્ટર ધ્વારા ડામર મીક્ષર પ્લાન્ટ ચાલતો હોવાના કારણે પ્રજાજનોના આરોગ્ય ઉપર આડઅસરો થશે તેવી આશંકાઓ સેવાઈ રહી છે. વહીવટી તંત્રના અધિકારીઓને વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરવા છતાં આજ દિન સુધી ડામર મીક્ષર પ્લાન્ટ હટાવવામાં આવતો નથી. ભુતાવડ ગામના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ ડામર મિક્ષર પ્લાન્ટ સત્વરે કોન્ટ્રાક્ટર ધ્વારા હટાવવામાં નહી આવે તો ગાંધીચિંધ્યા માર્ગે લડત આપવાનો અને ઉપવાસ ઉપર બેસવાનો નિર્ણય ગ્રામજનો ધ્વારા કરવામાં આવેલ હોવાનું લોકમુખે જાણવા મળેલ છે.

ભુતાવડ ગ્રામ પંચાયત સરપંચ સંધ્યાબેન પાંડોર સહિત ગ્રામજનોએ ગ્રામસભા દરમ્યાન ઠરાવ કરેલ છે કે ભુતાવડ ગામના સીમ વિસ્તારમાં સર્વે નંબર.૪૪/૪૫ માં ડામર મીક્ષર પ્લાન્ટ ધ્વારા થઈ રહેલ નુકશાન સંદર્ભે ડામર મીક્ષર પ્લાન્ટ બંધ કરવા ઠરાવ કરવામાં આવેલ છે.

તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

રાસલોડ હનુમાન મંદિરમાં દેવદિવાળીએ ધાર્મિક કાર્યક્રમ યોજાશે

પ્રાંતિજ, તા.૫

પ્રાંતિજના પૌરાણિક રાસલોડ હનુમાન મંદિરના બ્રહ્મલીન મહંત પૂ. મોહનદાસ બાપુની દેવદિવાળીએ પ્રથમ પુણ્યતિથિ હોવાથી વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે. જેમાં પૂજા યજ્ઞ, હોમ હવન મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમમાં પ્રમુખ રઈશભાઈ કસ્બાતી, નિત્યાનંદભાઈ ચંદભાઈ, જયેશભાઈ ગઢવી, યોગેશભાઈ શાસ્ત્રી મનસુખભાઈ વગેરે આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.

દાહોદ જિલ્લાના બે ઈસમો કારતૂસ જથ્થા સાથે ઝબ્બે

ઝડપાયેલા શખ્સોની અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા આકરી પુછપરછ હાથ ધરાઈ : કેટલીક નવી વિગત ખુલશે

અમદાવાદ, તા.૦૫

મોહર્રમના તહેવાર દરમિયાન શાંતિ અને એખલાસના માહોલને જાળવી રાખવા માટે તમામ પગલા લેવામાં આવ્યા હતા. સાવચેતીના ભાગરુપે પેટ્રોલિંગ દરમિયાન પોલીસે દાહોદ જિલ્લાના બે ઈસમોને પિસ્તોલ અને દેશી તમંચા સહિત ચાર હથિયારો સહિત પકડી પાડતા ભારે સનસનાટી મચી ગઈ છે. તેમની પાસેથી ૩૫ નંગ કારતૂસનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. વરિષ્ઠ પોલીસ અધિકારીઓની સૂચનાના આધારે બંદોબસ્ત પેટ્રોલિંગમાં પોલીસ ટુકડી હતી ત્યારે તેમને ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે જાળ બિછાવવામાં આવી હતી જે દરમિયાન શહેરના ગીતામંદિર ચાર રસ્તા પાસેથી ગૌત્તમ ઉર્ફે ગૌરાંગ નરસિંહ પટેલિયા અને ઈલિયાસ ઉર્ફે ગુડ્ડુ મન્સુરીની ધરપકડ કરી લેવામાં આવી હતી જેપૈકી ગૌત્તમ સિમલાઘસી દેવગઢબારિયાનો નિવાસી છે જ્યારે ૩૪ વર્ષીય ઈલિયાસ સિમલાઘસી ગામનો રહેવાસી છે. આ બંનેની પેટ્રોલિંગ દરમિયાન ઝડતી તપાસ કરવામાં આવતા તેમના પાસેથી પરવાના વગરની દેશી બનાવટની પિસ્તોલ નંગ બે મળી આવી હતી.

આ ઉપરાંત દેશી બનાવટના તમંચા નંગ બે તથા કારતૂસ ૩૫ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. આ બંને શખ્સો પાસેથી કુલ ૫૬૭૫૦ની મત્તા કબજે કરવામાં આવી હતી. બંને સામે ગુનો નોંધી આગામી તપાસ હાથ ધરવામાં આવી છે. બંને ઈસમોની પુછપરછ કરવામાં આવતા જાણવા મળ્યું કે, કબજે કરવામાં આવેલા હથિયારો તથા કારતૂસ વેચાણ આપવા માટે લાવવામાં આવ્યા હતા.

પિરાણામાં કચરો ઠાલવવા વર્ષે ૧૭૦ કરોડનો ધુમાડો

અમદાવાદ, તા.૦૫

મ્યુનિસિપલ કોર્પોરેશનના નવા કમિશ્નર ડી. થારાએ શહેરમાં સ્વચ્છતાને પ્રાથમિકતા આપી છે. હાલમાં શહેરને સ્વચ્છ રાખવા માટે અધિકારીઓને દોડાવવામાં આવી રહ્યા છે. કચરાના નિકાલમાં કરાતા ભ્રષ્ટાચાર પર અંકુશ મુકવા ડી. થારાએ આસિસ્ટન્ટ કમિશ્નરને દોડતા કરી નાંખ્યા છે. શહેરમાં કચરાના નિકાલ માટે ડોર ટુ ડમ્પ માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે પરંતુ કચરાના નિકાલ માટે તે નિષ્ફળ નીવડી છે તંત્ર પાસેથી પ્રતિ મેટ્રીક ટન રૂા. ૬૦૦-૬૫૦ જેટલી રકમ વસુલીને પણ નાગરીકોને સંતોષકારક સેવા આપવામાં આવતી નથી. કોન્ટ્રાક્ટરે યુપીના શહેરની ગાડીનો ઉપયોગ અમદાવાદ શહેરમાં કર્યો છે. પશ્ચિમ ઝોનના જેટીસી કોન્ટ્રાક્ટરોને તંત્ર દ્વારા પૂરતાં વાહનો વસાવી લેવાની નોટીસ ફટકારી છે. કમિશ્નર ડી. થારાએ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ એનાલિસિસ સેલ બનાવવાનો પણ આદેશ આપ્યો છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સેલ બનાવવાની જવાબદારી આસિસ્ટન્ટ કમિશ્નરને સોંપી દેવામાં આવી ચે. જેઓએ કામગીરીનું વિસ્તૃત નિર્દેશન કમિશ્નર ડી. થારા સામે કરાયુંહતં. જેમાં પિરાણા ખાતે કચરો ઠાલવવાની કામગીરી પાછળ તંત્ર વર્ષે રૂા. ૧૭૦ કરોડનું ખર્ચાણ કરતું હોવા છતાં પણ તેનું એનાલિસિસ કરવામાં આવતું નથી પરંતુ હવે જીપીસી સિસ્ટમ આધારીત ગાડીના ગ્રાફીક એનાલિસિસ વગેરે બનાવીને કમિશ્નર સમક્ષ રજુ કરવામાં આવશે.

ખેડબ્રહ્મા નજીકના નાદરી ગામે ડુંગરોની વચ્ચે પૌરાણિક નારસંગા વીરનું કલાત્મક મંદિર આવેલું છે. જયાં વર્ષોની પરંપરા મુજબ કાર્તિકી પુનમે મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે ઉમટે છે અને વીરબાવજીના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવે છે. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

સિમ્પોલો ઈટાલીની અગ્રણી કંપની એમીલસિરામિકા સાથે સંયુકત સાહસ સ્થાપી રૂ. ૧૨૫ કરોડના ખર્ચે વિસ્તરણ કરશે

અમદાવાદ, તા.૫

ભારતમાં ટેકનિકલ ટાઈલ્સના અગ્રણી ઉત્પાદકોમાં સમાવેશ પામતી સિમ્પોલો વિટ્રીફાઈડ (પ્રા.) લિમિટેડ ઈટાલીની અગ્રણી સિરામિક ટાઈલ્સ ઉત્પાદક એમીલસિરામિકા સાથે મોરબીમાં ગ્રીનફીલ્ડ ટાઈલ્સ ઉત્પાદન એકમ સ્થાપવા માટે કરાર કર્યો છે, જેની વાર્ષિક ક્ષમતા આશરે ૩૫ લાખ ચો.મી. રહેશે. બંને એકમો સૂચિત સંયુકત સાહસમાં ૫૦ ટકા શેરમૂડી ધરાવશે. આ પ્રોજેકટ માટે કુલ મૂડી રોકાણ રૂ. ૧૨૫ કરોડ થશે.

બંને કંપનીઓએ આજે 'સિમ્પોલો એમીલસિરામિક (પ્રા) લિ.' નામનું સંયુકત સાહસ સ્થાપવા માટેના કરાર ઉપર હસ્તાક્ષર કર્યા હતા.

કરાર ઉપર હસ્તાક્ષર કર્યા પછી સમાચાર માધ્યમોને સંબોધન કરતાં સિમ્પોલો વિટ્રીફાઈડ (પ્રા.) લિમિટેડના ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર શ્રી જીતેન્દ્ર ટી. અઘારાએ જણાવ્યું હતું કે 'હાલમાં મંદીનો તબક્કો ચાલી રહ્યો હોવા છતાં ભારતનું રિયલ એસ્ટેટ બજાર સ્થાપત્યની નવિનતા અન ડીઝાઈન્સ બાબતે નવી ઊંચાઈઓ હાંસલ કરી રહ્યું છે, પણ આ ક્ષેત્રના સાથીઓ ઘણીવાર પોતાના ડ્રીમ પ્રોજેકટના શ્રેષ્ઠ પ્રોડકટના અભાવે અથવા તો આવી પ્રોડકટસના ઉંચા ભાવને કારણે જે રીતે ઈચ્છતા હોય તે રીતે સાકાર કરી શકતા નથી. સિમ્પોલોના નવા સંયુકત સાહસનો ઉદ્દેશ વિશ્વ સ્તરની ગ્લેઝડ વિટ્રીફાઈડ ટાઈલ્સ ઓફર કરીને ઊણપ પૂરી કરવાનો છે.'

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦